# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ને મળેલ સદ્દવિચાર પરિવાર એવોર્ડની રોકડ રકમમાંથી શ્રમયોગીઓને આપેલ ભેટનો કાર્યક્રમ

મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા ના વૈજ્ઞાનિકશ્રીઓની ટીમે મીઠી મકાઇ (મધુરમ) તથા ધાણીની મકાઇ (મહાશ્વેતા) અને શિયાળુ મકાઇની સંકર જાત (જી.એ.વાય.એમ.એચ.-૩) નું સંશોધન કરી ખેડૂતોને વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. તે અન્વયે ધાન્ય પાકમાં ઉત્તમ સંશોધન અર્થે ગુજરાત એસોશિએશન ઓફ એગ્રીકલ્ચરલ સાયન્સ (GAAS) દ્વારા વર્ષ ૨૦૧૮ નો સદ્દવિચાર પરિવાર એવોર્ડ માનનીય કુલપતિશ્રી ડૉ. આર.વી.વ્યાસ સાહેબ દ્વારા કેન્દ્રના વડા ડૉ.એમ.બી.પટેલ ને એનાયત કરવામાં આવેલ હતો. સદર એવોર્ડમાં મળેલ ચેકની રકમ રૂા.૧૧,૦૦૦/- પૂરા અત્રેના કેન્દ્ર ખાતે કામગીરી કરતા ખેત મજુર, કુશળ અને બિનકુશળ પીસ્તાલીસ જેટલા શ્રમયોગીઓને તારીખ ૨૮/૧૦/૨૦૨૦ ના રોજ રાખેલ નાનકડા સમારંભમાં દરેક શ્રમયોગી ને એક સ્ટીલનું કથરોટ આપી તેઓને પ્રોત્સાહિત કરેલ હતા.

આવી ઉમદા કામગીરી બદલ અત્રેના કેન્દ્રના શ્રમયોગીઓમાં આનંદની લાગણી પ્રસરેલ છે.

